### ગોધરા શહેરના આઉટર ગણાતા રેલવે લાઇન વિસ્તાર, ભામૈયા ગામનો સીમાડામાં ગૌવંશ કતલની શંકા

# ગોધરામાં ગૌવંશ કતલ અને ગુનાખોરી ડામવા બી-ડિવિઝન પોલીસનું ડ્રોનથી સઘન સર્વેલન્સ

**રેલવે લાઇન,** ભામૈયા અને ઝાડી-ઝાંખરા ધરાવતા આઉટર વિસ્તારોમાં બાજ નજર



(પ્રતિનિધિ) ગોધરા, તા.3
પંચમહાલ જિલ્લામાં ગુનાખોરી અટકાવવા અને ખાસ કરીને ગૌવંશની ગેરકાયદે કતલ જેવી પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સજ્જ બની છે. પોલીસ અધિક્ષકની સૂચના અનુસાર, બી-ડિવિઝન પોલીસ અને ગૌરક્ષા સ્ક્વોડ દ્વારા શહેરના વિવિધ સંવેદનશીલ આઉટર વિસ્તારોમાં ડ્રોન કેમેરાની મદદથી સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. ટેકનોલોજીના ઉપયોગથી દુર્ગમ વિસ્તારોમાં પોલીસની નજર પહોંચતા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસ દ્વારા ગોધરા શહેરના આઉટર ગણાતા રેલવે લાઈન વિસ્તાર, ભામૈયા ગામનો સીમાડો તેમજ જ્યાં માનવ વસ્તી ઓછી અને ઝાડી-ઝાંખરાનું પ્રમાણ વધુ છે તેવા સ્થળોને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. આ વિસ્તારોમાં ગૌવંશ કતલ જેવી ઘટનાઓ બનતી હોવાની સંભાવનાઓને ધ્યાને રાખીને ડ્રોન વડે આકાશમાંથી સતત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ડ્રોનની મદદથી એવા સ્થળોનું પણ સ્કેનિંગ કરાયું હતું જ્યાં પોલીસનું વાહન કે જવાનો સીધી રીતે ઝડપથી પહોંચી શકતા નથી.

પંચમહાલ પોલીસ ગુનાખોરી મુક્ત જિલ્લો બનાવવા માટે કટિબદ્ધ છે, ત્યારે કોઈપણ પ્રકારની અઘટિત ઘટના ન બને તે માટે આધુનિક ડ્રોન ટેકનોલોજીનો આશરો લેવામાં આવ્યો છે. આ સર્વેલન્સનો મુખ્ય હેતુ ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા તત્વોને ઝડપી પાડવા અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાનો છે.

ખાસ કરીને પશુઓની તસ્કરી અને કતલખાના ચલાવતા તત્વો ડ્રોન સર્વેલન્સને કારણે હવે પોલીસના રડારમાં આવ્યા છે.બી-ડિવિઝન પોલીસની આ કામગીરીથી સમગ્ર પંથકમાં સુરક્ષાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પોષી પૂનમ નિમિત્તે પાવાગઢમાં ઉમટી માઈભક્તોની જનમેદની

**એક લાખથી** વધુ શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી



(પ્રતિનિધિ) હાલોલ, તા.3
પોષી પૂનમના પવિત્ર પર્વ નિમિત્તે સુપ્રસિદ્ધ યાત્રાધામ તથા શક્તિપીઠ પાવાગઢ ડુંગર પર બિરાજમાન જગતજનની માં કાલિકાના દર્શનાર્થે એક લાખથી વધુ માઈભક્તો ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ ભક્તોએ માતાજીના ચરણોમાં શીશ નમાવી દર્શનનો લાભ લીધો હતો, જેના કારણે સમગ્ર પાવાગઢ પરિસર ભક્તિભાવથી ગુંજી ઉઠ્યો હતો.

આ દિવસે શાકંભરી માતાની જયંતિ મનાવવામાં આવે છે. શાકંભરી માતાને દેવી દુર્ગાનું એક સ્વરૂપ માનવામાં આવે છે અને તેમની ઉપાસનાથી ધન-ધાન્યની પ્રાપ્તિ થાય છે, એવી ભક્તોની માન્યતા છે. આ કારણે પોષી પૂનમને આધ્યાત્મિકતા, ભક્તિ અને પવિત્રતાનો પર્વ ગણવામાં આવે છે. શક્તિપીઠ પાવાગઢ ખાતે આજે વહેલી સવારથી જ માઈભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. કાલિકા મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોની સુવિધા માટે સુંદર વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ ભક્તો સરળતાથી માંચી સુધી પહોંચી શકે અને માતાજીના નિર્વિઘ્ન દર્શન કરી શકે તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### નવા વર્ષની ઉજવણી સેવાકીય કાર્ય દ્વારા કરવામાં આવી



**દાહોદ ।** લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 32 32 એફ વન માં આવેલી લાયન્સ ક્લબ ઓફ બરોડા આસ્થા દ્વારા આપના ઘર વૃદ્ધાશ્રમ ગોકળપુરા તાલુકો જીલ્લો વડોદરામાં વોટર કુલર વિથ વોટર પ્યુરીફાયર અને વિહીલ ચેર ડોનેશન કરવામાં આવ્યું હતું. જેનું ઉદઘાટન ડિસ્ટ્રીક ગવર્નર એમજીએફ લાઈન દિપક સુરાના દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાઇન પરિમલ પટેલ પીએમ સીસી , શશીકાંત પરીખ પીએમસી વીસી કેબિનેટ મેમ્બર કિશોરભાઈ ઓઝા ,જોન ચેરમેન નિલેશ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ વોટર કુલર વિથ વોટર પ્યુરીફાયર આસ્થા ક્લબના પ્રમુખ લા વર્ષા કાકા દ્વારા આપના ઘરમાં ડોનેટ કરાયું હતું. વ્હીલ ચેર દાતા લાયન દક્ષાબેન સી પટેલ હસ્તે અપના ઘરને અર્પણ કરવામાં આવી દાતા આ પ્રસંગે મંત્રી લા રાજ અધોલિયા તેમજ પ્રોજેક્ટ કોર્ડીનેટર લા ડો જયશ્રીબેન શુક્લા તેમજ અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### સિંગવડના સિંગાપુર બસ સ્ટેશન ખાતે બસમાં મહિલાની સલામત પ્રસૂતિ કરાવી



**સિંગવડ ।** સિંગવડ તાલુકાના સિંગાપુર ગામે માનવતા અને તાત્કાલિક સેવાઓનું ઉમદા ઉદાહરણ સામે આવ્યું છે. લક્ઝરી ખાનગી બસ દ્વારા બાસવાડાથી બરોડા જઈ રહેલી એક ગર્ભવતી મહિલાને અચાનક પ્રસૂતિની પીડા ઉપડતાં બસમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થિતિને ગંભીરતા સાથે સમજી બસના કંડકટરે તાત્કાલિક બસને સિંગાપુર બસ સ્ટેશન ખાતે ઉભી રાખી 108 ઇમરજન્સી સેવાને જાણ કરી હતી. સિંગવડ ખાતેથી 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. 108ના પાયલોટ પ્રવીણ કટારા અને ઇએમટી વિનોદ પટેલે પોતાની કુશળતા અને ઝડપી કામગીરીથી બસ સ્ટેશન પર જ મહિલાની સલામત પ્રસૂતિ કરાવી હતી. માતા અને નવજાત બાળક બંને સંપૂર્ણ સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે. અચાનક પ્રસૂતિ જેવી પરિસ્થિતિમાં 108 ઇમરજન્સી સેવાની સમયસર કામગીરીથી મોટી દુર્ઘટના ટળી હતી. સ્થાનિક લોકો અને મુસાફરોએ 108ની ટીમ તેમજ બસ કંડકટરની સમજદારી અને માનવતાની પ્રશંસા કરી હતી. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે 108 એમ્બ્યુલન્સ સેવા ગ્રામ્ય વિસ્તારોમાં પણ જનતા માટે કેટલી ઉપયોગી અને જીવનરક્ષક બની રહી છે.

### સંજેલી પોલીસે પોસ્કોના ગુનામાં સંડોવાયેલા આરોપીને ઝડપ્યો

**દાહોદ ।** સંજેલી પોલીસે પોક્સોના ગુનામાં સંડોવાયેલા એક આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલ ભેગો કર્યો છે. આરોપીએ ભોગ બનનાર પીડિત સગીરાને ડુંગરમાં અવાવરું જગ્યાએ લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું. સંજેલી પોલીસે આ મામલે પોકસોનો ગુનો દાખલ કરી ગુપ્ત રીતે કાર્યવાહી હાથ ધરી હતી. સંજેલી પોલીસ સ્ટેશન ખાતે



દાખલ થયેલ પોક્સોના ગુનામાં ભોગ બનનારને સંજેલી તાલુકાના પિછોડા ગામે નાર ફળિયામાં રહેતો સુભાષ રમેશભાઈ સંગાડા (ઉ.વ.24) મામાના ઘરે લઈ જવું તેમ કહી ભોગ બનનાર પીડિતાને તેના ઘરેથી ડુંગરામાં અવાવરું જગ્યાએ લઈ ગયો હતો જ્યાં તેણીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. જેથી સદરહુ ગુનો ડિટેક્ટ કરવા માટે અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ સંજેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જી બી પરમારે પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓની અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હ્યુમન ઇન્ટેલિજન સોર્સને આધારે માહિતી મેળવી સંજેલી પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પોક્સોના ગુનાના આરોપી સુભાષ રમેશભાઈ સંગાડાને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી જેલમાં મોકલી આપ્યો છે.

# ફાયનાન્સરની ચેક રિટર્નની બે ફરિયાદોમાં હાલોલ કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો

**કોરા ચેકમાં પાછળથી વિગતો** ભરી રિટર્ન કરાવી ફરિયાદ કર્યાનો કેસ

(પ્રતિનિધિ) કાલોલ, તા.3
ખાનગી ફાયનાન્સર દ્વારા કોરા ચેકમાં પાછળથી વિગતો ભરી બે ચેક રિટર્નની ફરિયાદો કરવામાં આવી હોવાનો ગંભીર મુદ્દો હાલોલ કોર્ટમાં સાબિત થતાં આરોપીને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવામાં આવ્યો છે. આ ચુકાદા બાદ કોરા ચેકના દુરુપયોગ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

હાલોલ ખાતે આવેલી મારૂતિ ફાઈનાન્સના પ્રોપ્રાયટર જગદીશકુમાર અંબાલાલ પટેલે હાલોલ તાલુકાના કંજરી ગામના રહેવાસી સતીષભાઈ રણછોડભાઈ કાછીયા વિરુદ્ધ બે ફોજદારી ફરિયાદો નોંધાવી હતી. ફરિયાદ મુજબ વર્ષ 2020માં આરોપીને રૂ. 1.50 લાખ બે વખત, કુલ રૂ. 3 લાખ, 21 ટકા વ્યાજે ધિરાણ આપ્યું હતું. આ રકમના ચુકવણાં માટે આરોપીએ મે-2021 ના બે ચેક આપ્યા હતા, જે અપુરતા ભંડોળના કારણે રિટર્ન થયા હતા.

આ કેસમાં આરોપી તરફે એડવોકેટ જે.બી. જોશીએ મજબૂત બચાવ રજૂ કર્યો હતો કે વર્ષ 2018 ના જૂના વ્યવહાર સમયે ફોર્મ નં. 11 પર સહી સાથે કેટલાક કોરા ચેક ફરિયાદીને આપવામાં આવ્યા હતા અને તે વ્યવહાર પૂર્ણ થઈ ગયો હતો. ત્યારબાદ આ કોરા ચેકનો દુરુપયોગ કરીને ખોટી ફરિયાદો કરવામાં આવી છે.

ચેકની સહી અને લખાણ અંગે વૈજ્ઞાનિક પુરાવા માટે ચેક એફ.એસ.એલ. ગાંધીનગર મોકલવામાં આવ્યા હતા. એફ.એસ.એલ. રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે રકમ, પેઈનું નામ અને સહી અલગ-અલગ પેન તથા અલગ વ્યક્તિ દ્વારા લખાયેલા છે. આથી ફરિયાદી દ્વારા "આરોપીએ જાતે ચેક લખી આપ્યો" એવી હકીકત ખોટી સાબિત થઈ. ઉલટ તપાસ દરમિયાન ફરિયાદીએ વર્ષ 2018 માં માત્ર રૂ. 50 હજાર ઉછીના આપ્યાનું અને આરોપીએ અમુક રકમ આરટિજીએસ મારફતે પરત આપ્યાનું સ્વીકાર્યું હતું. ઉપરાંત 2020 ના કથિત ધિરાણ અંગે ડે-બુક કે બેલેન્સ શીટ રજૂ કરવા ફરિયાદી તૈયાર ન હોવાનું પણ કોર્ટના ધ્યાનમાં આવ્યું.

આ તમામ પુરાવા અને દલીલોના આધારે હાલોલના એડી ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ આર.બી. જોશીએ બંને ચેક રિટર્ન કેસોમાં આરોપી સતીષભાઈ રણછોડભાઈ કાછીયાને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આ ચુકાદાએ કોરા ચેકના દુરુપયોગ સામે મહત્વપૂર્ણ નજિરો સ્થાપી હોવાનું કાનૂની વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# ગરબાડાનાબોરિયાળામાં 'નલ સે જલ' યોજનાનો ફિયાસ્કો

**પીવાના પાણી** માટે રહીશોને ભારે હાલાકી



(પ્રતિનિધિ) ગરબાડા, તા.3
ગરબાડા તાલુકાના બોરિયાળા ગામે માળ ફળિયામાં નલ સે જલ યોજના અંતર્ગત ઘરે ઘરે નળ તો નાખવામાં આવ્યા છે, પરંતુ દુર્ભાગ્યવશ વર્ષો વીત્યા છતાં આજદિન સુધી નળમાં પાણી પહોંચ્યું નથી. પરિણામે માળ ફળિયાના રહીશો પીવાના પાણી માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

મહત્વની બાબત એ છે કે બોરિયાળા ગામના અન્ય ફળીયાઓમાં નિયમિત રીતે પાણી પુરવઠો મળી રહ્યો છે, જ્યારે માત્ર માળ ફળિયાને અજ્ઞાત કારણોસર વંચિત રાખવામાં આવ્યો છે. જેના કારણે ફળિયાના લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ અંગે રહીશોએ ગત તારીખ 21 એપ્રિલ, 2025 ના રોજ ગરબાડા તાલુકા પંચાયત કચેરી ખાતે લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં લાઈનની ખામી દૂર કરી તાત્કાલિક પાણી પૂરવઠો શરૂ કરવાની માંગ કરાઈ હતી. જોકે, રજૂઆત બાદ પણ આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી ન થતાં રહીશોમાં અસંતોષ વધી રહ્યો છે.

# સુખસરના બલૈયા ક્રોસિંગ પાસે બુલેટ-ઈકો કાર વચ્ચે અકસ્માત

**બુલેટ સવાર બે** યુવાનોને માથા-મોઢા અને પગે ગંભીર ઇજાઓ



(પ્રતિનિધિ) સુખસર, તા. 3
સુખસર પંથકમાં વધતા જતા વાહન અકસ્માતોની કડીમાં વધુ એક બનાવ સામે આવ્યો છે. શનિવારે સાંજે સાડા ત્રણ વાગ્યાના અરસામાં બલૈયા ક્રોસિંગ પાસે બુલેટ મોટરસાયકલ અને ઈકો કાર વચ્ચે થયેલા અકસ્માતમાં સુખસરના બે યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંનેને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ઝાલોદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ સુખસરના વતની જાવેદભાઈ નિશારભાઈ બુઢ્ઢા (ઉ.વ. આશરે 28) પોતાની બુલેટ મોટરસાયકલ નં. GJ-20 BL-7171 પર સંતરામપુર તરફથી પરત સુખસર આવી રહ્યા હતા. તે સમયે બલૈયા ક્રોસિંગ પાસે સામેથી આવતી ઈકો કાર નં. GJ-20 AH-8631ના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી બુલેટને અડફેટમાં લીધી હતી.

અકસ્માતમાં જાવેદભાઈને માથા તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે પાછળ બેઠેલા ગોવિંદભાઈ કલાભાઈ સંગાડા (ઉ.વ.32)ને પગે ગંભીર ઈજા થઈ હતી. બનાવની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી બંને ઈજાગ્રસ્તોને સુખસર સરકારી દવાખાનામાં લાવવામાં આવ્યા હતા. ઈજાઓ ગંભીર હોવાને કારણે બંનેને વધુ સારવાર માટે ઝાલોદની ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. સુખસર પોલીસે ઈકો કાર કબજે કરી આગળની તપાસ શરૂ કરી છે. અકસ્માત બાદ વિસ્તારમાં વાહનચાલકોમાં સાવચેતી રાખવાની ફરી એકવાર જરૂરિયાત ઊભી થઈ છે.

### ABVPએ કુલપતિને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

# ગોધરાનીગોવિંદગુરુયુનિ.માંપરિણામોમાં વિલંબ અને સુવિધાના અભાવથી રોષ

**પરિક્ષાના 45 દિવસ** બાદ પણ પરિણામો જાહેર ન થતા વિદ્યાર્થીઓમાં અસંતોષ



(પ્રતિનિધિ) ગોધરા, તા.3
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં પરીક્ષાના પરિણામોમાં થઈ રહેલા વિલંબ અને વિદ્યાર્થીઓને પડતી માળખાગત અસુવિધાઓ મામલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કુલપતિને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. સામાન્ય રીતે 15 દિવસમાં જાહેર થતા પરિણામો મહિનાઓ સુધી અટવાયેલા રહેતા વિદ્યાર્થી સંગઠને આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

યુનિવર્સિટી દ્વારા લેવાયેલી B.A., B.Com, B.B.A. સહિતના સેમેસ્ટર-5ના વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષા પૂર્ણ થયાને 45 દિવસથી વધુ સમય વીતી ગયો છે. તેવી જ રીતે સેમેસ્ટર-3 ના અનુસ્નાતક અભ્યાસક્રમો M.A., M.Sc, M.Com વગેરે ની પરીક્ષાને પણ 30 દિવસથી વધુ સમય થયો હોવા છતાં પરિણામો જાહેર કરાયા નથી. સમયસર પરિણામ ન મળવાને કારણે વિદ્યાર્થીઓની કારકિર્દી પર જોખમ તોળાઈ રહ્યું છે. પરિણામો ઉપરાંત વિદ્યાર્થીઓએ પરિવહનની સમસ્યા અંગે પણ રોષ વ્યક્ત કર્યો છે. અનેક વિદ્યાર્થીઓ 50 કિમી દૂરથી અભ્યાસ માટે આવે છે પરંતુ પૂરતી બસ વ્યવસ્થાના અભાવે તેમને વેગનપુર ચોકડીથી 2 કિમી જેટલું અંતર પગપાળા કાપવું પડે છે. આ સાથે જ ડિગ્રી સર્ટિફિકેટની ફીમાં પણ ઘટાડો કરવાની માંગ કરી છે.

## દાહોદ જિલ્લામાં નવી સરકારી કોઓપરેટીવ બેંક બનશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.3
પંચમહાલ બેંકનું વિભાજન કરી દાહોદ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેંક અસ્તિત્વમાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા પગલાંથી જિલ્લાના લોકોને લાભ થશે.

ભારત સરકારે કેન્દ્રમાં સહકાર વિભાગ આ વખતે જુદો બનાવીને સહકારી પ્રવૃત્તિ ઓને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે અને આ વિભાગના કેન્દ્રીય મંત્રી પણ અમિત શાહ છે દાહોદ જિલ્લામાં પણ વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ સહકારી બેંકો ક્રેડિટ સોસાયટીઓ સેવા સહકારી મંડળીઓ અને ઔદ્યોગિક સહકારી મંડળીઓ કાર્યરત છે. આ તમામ એકમોને ધિરાણ માટેનું એકમાત્ર સહકારી વિકલ્પ હોય તો તે પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક છે જેનો વહીવટ 28 વર્ષ બાદ પણ પંચમહાલ જિલ્લા થી ચાલી રહ્યો છે ત્યારે 2026 માં રાજ્યની આવી નવ જેટલી નવી બેંક ઊભી કરવાની જાહેરાત સરકારે કરતા લોકોને રાહત મળશે.

# પાદરા તાલુકામાં વિવિધ કામોનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરાયું

**ઘાયજ-**ગણપતપુરા ગામે આંગણવાડી તેમજ લુણા ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિરનું લોકાર્પણ




(પ્રતિનિધિ) પાદરા, તા.3
પાદરા તાલુકાના ઘાયજ અને ગણપતપુરા ગામે નવીન આંગણવાડી (નંદ ઘર) તેમજ લુણા ગામ ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિરનું સીલોક્ષ ઈન્ડિયા કંપની ના સહયોગથી ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા ના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

પાદરા તાલુકાના ઘાયજ ગામમાં નવીન આંગણવાડી નંદ ઘર તથા ગણપતપુરા ગામ ખાતે પણ આંગણવાડીના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. પાદરા તાલુકાના એકલબારા ગામે આવેલ Silox India કંપની દ્વારા CSR ફંડમાંથી આ બંને ગામોમાં આધુનિક સુવિધાઓથી સજ્જ મોડલ આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. બાળકોને ઉત્તમ પોષણ, શિક્ષણ અને વિકાસલક્ષી માહોલ મળી રહે તે હેતુથી આ આંગણવાડીઓ તૈયાર કરવામાં આવી છે.

ઘાયજ અને ગણપતપુરા ગામે યોજાયેલા લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, પાદરા તાલુકા ભાજપ પ્રમુખ સંજયસિંહ પરમાર, જિલ્લા પંચાયત સદસ્યો તેમજ સિલોક્સ ઈન્ડિયા કંપનીના AVP (HR) મનીષ બક્ષી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે દીપ પ્રગટાવી આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો અને સ્થાનિક આગેવાનો દ્વારા ઉપસ્થિત મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

**પાદરાના બેઠક મહાપ્રભુજી મંદિર ખાતે ધાર્મિક પ્રસંગનું આયોજન :** પાદરાના બેઠક મહાપ્રભુજી મંદિર ખાતે સ્વ.જગમોહનદાસ શાહના પાવન સ્મરણાર્થે એક ધાર્મિક પ્રસંગનું આયોજન કરાયું હતું. ચોકસી મહાજન મંડળના વેપારી સતિષભાઈ ચોકસી પરિવાર દ્વારા મહાપ્રભુજી મંદિર ખાતે દર્શનનો લાભ લેવાયો હતો.

**નામ બદલેલ છે**
મારુ જુનુ નામ **ધ્રુવ કીરીટભાઈ અગ્રવાલ** હતુ જે બદલીને નવુ નામ **ધ્રુવ કીરીટકુમાર અગ્રવાલ** રાખેલ છે. મારો પાસપોર્ટ નં. N8049970 છે. જે અમદાવાદથી તા. 17-02-2016ના રોજ ઈસ્યુ થયો છે. રહે. A/12 પંચશીલ સોસાયટી ઝાલોદ જી. દાહોદ-389170.

**નામ બદલેલ છે**
મારુ જુનુ નામ **વૈભવ કીરીટભાઈ અગ્રવાલ** હતુ જે બદલીને નવુ નામ **વૈભવ કીરીટકુમાર અગ્રવાલ** રાખેલ છે. મારો પાસપોર્ટ નં. N8050981 છે. જે અમદાવાદથી તા. 17-02-2016ના રોજ ઈસ્યુ થયો છે. રહે. A/12 પંચશીલ સોસાયટી ઝાલોદ જી. દાહોદ-389170.

**જાહેર નોટીસ** **એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ.નં.૪૦૫/૨૦૨૫
અરજદાર : મીનામા મુકેશભાઈ સોમલાભાઈ
રહે.દેવધા, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દાદુર, તા.ગરબાડા, જિ.દાહોદ

**જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત**
સોમલાભાઈના નામે મીનામા રોહિતભાઈ આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મીનામા મુકેશભાઈ જન્મ તા.૦૪/૦૩/૨૦૦૯ના રોજ મુકેશભાઇનો ગામ.દેવધા, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી દેવધા, તા.ગરબાડા, જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ગરબાડા